# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**<u>તા. 10/03/2023ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ</u>**

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની વર્ષ 2022-23ની ચતુર્થ બેઠક **<u>તા. 10-03-2023 ને શુક્રવારના</u>** રોજ **<u>બપોરે 04-00</u>** વાગ્યે આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં પરિસંવાદ ખંડ, મ.દે. સમાજસેવા સંકુલમાં રૂબરૂ તથા ઓનલાઇન મળી હતી. આ બેઠકમાં નીચે મુજબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

(1) ડૉ. ભરતભાઈ જોશી : અધ્યક્ષશ્રી (કુલનાયક, ગૂ.વિ., અમદાવાદ)

(2) ડૉ. રામ ગોપાલ સિંહ : સભ્યશ્રી (ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ.)

(3) ડૉ. કનૈયાલાલ નાયક : સભ્યશ્રી, (ડીન, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, અમદાવાદ.)

(4) ડૉ. દિપુબા દેવડા : સભ્યશ્રી, (ડીન, શિક્ષણ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, અમદાવાદ.) (ઓનલાઇન)

(5) ડૉ. પ્રેમ આનંદ મિશ્ર : સભ્યશ્રી (ડીન, ગાંધીદર્શન અભ્યાસક્રમ વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, ગાંધીદર્શન વિભાગ, અમદાવાદ.) (ઓનલાઇન)

(6) ડૉ. આનંદીબહેન પટેલ : સભ્યશ્રી (ડીન, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ.) (ઓનલાઇન)

(7) ડૉ. જગદીશચંદ્ર સાવલિયા : સભ્યશ્રી (ડીન, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, સાદરા.)

(8) ડૉ. નીરજભાઈ શેઠ : સભ્યશ્રી (ડીન, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, બાયોગેસ સંશોધન અને સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ, સાદરા.) (ઓનલાઇન)

(9) ડૉ. અજયભાઈ પરીખ : સભ્યશ્રી (ડીન, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા અને વિભાગીય અધ્યક્ષ, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, અમદાવાદ.)

(10) ડૉ. સંજયભાઈ મકવાણા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(11) ડૉ. જસવંતભાઈ પંડ્યા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, અમદાવાદ)

(12) ડૉ. નિમિષાબહેન શુક્લ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, અમદાવાદ, અને આમંત્રિત સભ્ય, સંયોજક, IQAC ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ) (ઓનલાઇન)

(13) ડૉ. અરુણભાઈ ગાંધી : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(14) ડૉ. ગીતાબહેન વ્યાસ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(15) ડૉ. અશ્વિનભાઈ ચૌહાણ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(16) ડૉ. પ્રયત્કરભાઈ કાનડિયા : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ)

(17) શ્રી ઉષાબહેન પટેલ : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગૃહવિજ્ઞાન વિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન અને પ્રયોજિત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(18) ડૉ. મયૂરીબહેન ફાર્મર : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, રાંધેજા.) (ઓનલાઇન)

(19) ડૉ. મહેશભાઈ ગામીત : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(20) ડૉ. અતુલભાઈ પરમાર : સભ્યશ્રી (વિભાગીય અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, સાદરા.) (ઓનલાઇન)

(21) ડૉ. ધીરેનભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, અમદાવાદ)

(22) ડૉ. રાજીવભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, રાંધેજા અને આમંત્રિત સભ્ય, સંયોજકશ્રી, મ.દે. રાંધેજા.) (ઓનલાઇન)

(23) ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.)

(24) ડૉ. જયપ્રકાશભાઈ પંડ્યા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(25) ડૉ. ડાહ્યાભાઈ પટેલ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણશાસ્ત્ર વિભાગ, શિક્ષણ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(26) ડૉ. જગદીશચંદ્ર ગોઠી : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિભાગ, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા.) (ઓનલાઇન)

(27) ડૉ. પુનિતાબહેન હર્ણે : સભ્યશ્રી (પ્રાધ્યાપક, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, વ્યાવસાયિક અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(28) ડૉ. મુંજાલ ભીમડાદકર : સભ્યશ્રી (પ્રાધ્યાપક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા, અમદાવાદ) (ઓનલાઇન)

(29) શ્રી રણછોડભાઈ ચૌહાણ : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક) અમદાવાદ

(30) ડૉ. જ્યોતિબહેન લાંબા : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, હિન્દી વિભાગ, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા.) (ઓનલાઇન)

(31) ડૉ. રૂચિતાબહેન શાહ : સભ્યશ્રી (મદદનીશ પ્રાધ્યાપક, કોમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિદ્યાશાખા, અમદાવાદ.)

(32) શ્રી રતિલાલ અમીન : સભ્યશ્રી (મદદનીશ પ્રાધ્યાપક, ગાંધીદર્શન વિભાગ, ગાંધીદર્શન અભ્યાસક્રમ વિદ્યાશાખા, અમદાવાદ.) (ઓનલાઇન)

(33) શ્રી રાજેન્દ્રભાઈ જોષી : આમંત્રિત સભ્યશ્રી, (સંયોજક, મ.દે. ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.)

(34) ડૉ. એસ. આર. દવે : સભ્યશ્રી, (નિવૃત્ત પ્રાધ્યાપક, કુલનાયકશ્રી દ્વારા નિયુક્ત શિક્ષણશાસ્ત્રી, અમદાવાદ.) (ઓનલાઇન)

(35) ડૉ. નિખિલ ભટ્ટ : સચિવશ્રી (કા. કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.)

(1) શ્રી કિશોરભાઈ જોશી (2) શ્રી ગૌરાંગભાઈ જાની (3) શ્રી વિશાલભાઈ ભાદાણી આમંત્રિત સભ્યશ્રીઓ અનુપસ્થિત રહ્યા હતા.

શ્રી પીયૂષભાઈ શાહ, કા. પરીક્ષા નિયામક, પરીક્ષા વિભાગ તથા વિદ્યાકીય શાખા તરફથી ઇ. મદદનીશ કુલસચિવ શ્રી કૌશિકભાઈ પટેલ અને વિભાગીય અધિકારી શ્રી હેમંતભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

**આ બેઠકમાં રજૂ થયેલાં કાર્યો અંગે કરવામાં આવેલા ઠરાવોની વિગત નીચે પ્રમાણે છે.**

**કાર્ય-1** તા. 07-10-2022ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવા બાબત.

**ઠરાવ-1** તા. 07-10-2022ની વિદ્યાસભાની અહેવાલનોંધ અને અમલવારીનોંધને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-2** ગાંધીવિચાર અને જીવનશૈલી પારિતોષિક માટેના મૂલ્યાંકન અંગે સમિતિના અહેવાલ બાબત.

**ઠરાવ-2** ગાંધીવિચાર અને જીવનશૈલી પારિતોષિક માટેના મૂલ્યાંકન અંગે સમિતિના અહેવાલમાં BCA અભ્યાસક્રમનો સમાવેશ કરવો અને વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓની કાર્યવાહીની નોંધ પ્રવૃત્તિ અધ્યાપક અથવા સંબંધિત સેવક રાખશે તેવો સુધારો કરી મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-3** તા. 17-02-2023 અને તા. 03-01-2023ના રોજ યોજાયેલી પરીક્ષાશુદ્ધિ સમિતિના અહેવાલ બાબત.

ઠરાવ-3 તા. 17-02-2023 અને તા. 03-01-2023ના રોજ યોજાયેલી પરીક્ષાશુદ્ધિ સમિતિના અહેવાલને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-4 UGCની માર્ગદર્શિકાના આધારે ગુણપત્ર અને પરિણામ પદ્ધતિમાં ફેરફાર કરવા પરીક્ષા નિયામકશ્રીના પત્ર બાબત.

ઠરાવ-4 UGCની માર્ગદર્શિકાના આધારે ગુણપત્ર અને પરિણામ પદ્ધતિમાં ફેરફાર કરવાનું ઠરાવવામાં આવ્યું તથા આનો અમલ શૈક્ષણિક વર્ષ 2023-24થી પ્રવેશ મેળવેલા નવા વિદ્યાર્થીઓના ગુણપત્રથી કરવાનું અને બન્ને ભાષામાં ગુણપત્ર એક જ કાગળની બન્ને બાજુ છાપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-5 શૈક્ષણિક વર્ષ 2023-24થી સ્નાતક કક્ષાએ અભ્યાસ માટે જોડાયેલા વિદ્યાર્થીને આંતરવિદ્યાશાખાકીય અને બહુવિદ્યાશાખાકીય અભ્યાસક્રમો પસંદ કરવાની છૂટ આપવા બાબત.

ઠરાવ-5 વિદ્યાર્થી તેની યોગ્યતા તથા જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉત્કંઠાને ધ્યાનમાં રાખી ઉત્તમ અભ્યાસક્રમો અથવા ઉત્તમ અભ્યાસક્રમોનું મિશ્રણ પસંદ કરી શકે તે માટે શૈક્ષણિક વર્ષ 2023-24 થી સ્નાતક કક્ષાએ અભ્યાસ માટે જોડાનાર વિદ્યાર્થીને આંતરવિદ્યાશાખાકીય અને બહુવિદ્યાશાખાકીય અભ્યાસક્રમો પસંદ કરવાની છૂટ આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-6 શૈક્ષણિક વર્ષ 2023-24થી સ્નાતકકક્ષાના અભ્યાસક્રમનો સમયગાળો, મહત્તમ સમયગાળો તથા વિદ્યાર્થીઓને વિવિધ સત્રમાં સીધો પ્રવેશ આપવા અંગે.

ઠરાવ-6 શૈક્ષણિક વર્ષ 2023-24થી સ્નાતકકક્ષાનો અભ્યાસક્રમ ત્રણ વર્ષનો અથવા ચાર વર્ષના સમયગાળાનો રહેશે. અભ્યાસક્રમ પૂરો કરવા માટેનો મહત્તમ સમયગાળો, સામાન્ય સંજોગોમાં કોઈપણ પ્રકારના અવકાશ વિના અભ્યાસ પૂરો કરવામાં લાગતો સમય વત્તા ત્રણ વર્ષ આપવામાં આવશે. ચાર વર્ષનો સ્નાતકકક્ષાનો અભ્યાસક્રમ (ઓનર્સ, સંશોધન) પૂરો કરવા માટે વધુમાં વધુ સાત વર્ષનો સમય આપવામાં આવશે. આ સાત વર્ષના સમયગાળામાં વિદ્યાર્થિનીને આપવામાં આવેલી પ્રસૂતિ તથા બાળસંભાળની રજાના સમયગાળાનો (સમગ્ર અભ્યાસક્રમ દરમ્યાન વધુમાં વધુ એક વર્ષ, એક જ વખત) સમાવેશ થશે નહીં. પરીક્ષા દરમ્યાન ગેરવાજબી રીતરસમ આચરતા પકડાયેલા વિદ્યાર્થીને સજા કરવામાં આવી હોય તો તે સજાના સમયગાળાનો આ મહત્તમ સમયગાળામાં સમાવેશ થશે. વિદ્યાપીઠમાં સ્નાતકકક્ષાના અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છતા વિદ્યાર્થી નીચેની જોગવાઈ મુજબ જોડાઈ શકશે. આ માટે :

1. જો વિદ્યાર્થીએ માન્ય પરીક્ષાબોર્ડમાંથી ધોરણ-12 અથવા સમકક્ષ પરીક્ષા પાસ કરી હશે અથવા ધોરણ-12 સમકક્ષનું પ્રમાણીકરણ પ્રાપ્ત કરેલું હશે તો તેને CUET પરીક્ષા દ્વારા સંબંધિત અભ્યાસ માટે સત્ર-1માં પ્રવેશ આપવામાં આવશે.
2. જો વિદ્યાર્થીએ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ (ABC)માં નોંધાયેલી ઉચ્ચ શિક્ષણની સંસ્થા પાસેથી યુજી સર્ટિફિકેટ મેળવેલું હોય તો તેને સત્ર-3માં પ્રવેશ આપવામાં આવશે.
3. જો વિદ્યાર્થીએ ABCમાં નોંધાયેલી ઉચ્ચ શિક્ષણની સંસ્થા પાસેથી યુજી ડિપ્લોમા મેળવેલો હોય તો તેને સત્ર-5માં પ્રવેશ આપવામાં આવશે.
4. જો વિદ્યાર્થીએ ABCમાં નોંધાયેલી ઉચ્ચ શિક્ષણની સંસ્થા પાસેથી ત્રણ વર્ષના સ્નાતકકક્ષાના અભ્યાસ માટે પદવી મેળવેલી હોય અને તે સ્નાતક, ઓનર્સ કક્ષા કે સંશોધન કક્ષામાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તો તેને સત્ર-7માં પ્રવેશ આપવામાં આવશે.
5. જો વિદ્યાર્થીએ ABCમાં નોંધાયેલી ઉચ્ચ શિક્ષણની સંસ્થા પાસેથી ચાર વર્ષના સ્નાતકકક્ષાના અભ્યાસ માટે પદવી મેળવેલી હોય (ઓનર્સ અથવા સંશોધન) અને સ્નાતક ઓનર્સ પદવી પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી સ્નાતક

સંશોધન કક્ષામાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય અથવા સ્નાતક સંશોધનમાં પદવી પ્રાપ્ત કરેલ વિદ્યાર્થી સ્નાતક ઓનર્સમાં પ્રવેશ મેળવવા ઇચ્છતો હો તો તેને સત્ર-7માં પ્રવેશ આપવામાં આવશે.

અભ્યાસક્રમમાં મહત્તમ સંખ્યા વગેરે નિયમોને આધિન પ્રવેશ મળવાપાત્ર ગણાશે.

કાર્ય-7 શૈક્ષણિક વર્ષ 2023-24થી સ્નાતકકક્ષાના કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને મલ્ટિપલ એક્ઝિટ માટે પરવાનગી આપવા તથા તેમણે મેળવેલી ક્રેડિટ્સને આધારે અનુક્રમે સર્ટિફિકેટ તથા ડિપ્લોમા એનાયત કરવા અંગે.

ઠરાવ-7 શૈક્ષણિક વર્ષ 2023-24થી સ્નાતકકક્ષાના કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને મલ્ટિપલ એક્ઝિટ માટે પરવાનગી આપવા તથા તેમણે મેળવેલી ક્રેડિટ્સને આધારે અનુક્રમે સર્ટિફિકેટ તથા ડિપ્લોમા એનાયત કરવા અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

1. શૈક્ષણિક વર્ષ 2023-24થી સ્નાતકકક્ષાના કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થી એક વર્ષનો અભ્યાસ પૂરો કરીને પ્રમાણપત્ર મેળવવા ઇચ્છતો હોય અને તેણે પ્રમાણપત્ર મેળવવા માટે જરૂરી ક્રેડિટ્સ ઉપાર્જિત કરી હોય અને રાષ્ટ્રીય શિક્ષણનીતિની જરૂરી શરતોનું પાલન થતું હોય તો તેને સંબંધિત વિભાગીય વડા અને ફેકલ્ટીના ડીનશ્રીની ભલામણને આધારે પ્રમાણપત્ર એનાયત કરી શકાશે. પ્રમાણપત્ર કુલસચિવશ્રીની સહીથી, કોઈપણ સમયે આપી શકાશે. પ્રમાણપત્ર મેળવવા માટે વિદ્યાસભા દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવતી ફી સાથે વિદ્યાર્થીએ નિયતપત્રમાં સંબંધિત વિભાગીય વડાને અરજી કરવાની રહેશે.

   વર્ષ દરમ્યાન જેટલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હોય તેની નોંધ પરીક્ષા વિભાગ વિદ્યાસભામાં દર વર્ષે ફેબ્રુઆરી/માર્ચ માસમાં રજૂ કરશે.

2. શૈક્ષણિક વર્ષ 2023-24થી સ્નાતકકક્ષાના કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થી બે વર્ષનો અભ્યાસ પૂરો કરીને ડિપ્લોમા મેળવવા ઇચ્છતો હોય અને તેણે ડિપ્લોમા મેળવવા માટે જરૂરી ક્રેડિટ્સ ઉપાર્જિત કરી હોય અને રાષ્ટ્રીય શિક્ષણનીતિની જરૂરી શરતોનું પાલન થતું હોય તો તેને સંબંધિત વિભાગીય વડા અને ફેકલ્ટીના ડીનશ્રીની ભલામણને આધારે ડિપ્લોમા એનાયત કરી શકાશે. ડિપ્લોમા કુલસચિવશ્રીની સહીથી, કોઈપણ સમયે આપી શકાશે. ડિપ્લોમા મેળવવા માટે વિદ્યાસભા દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવતી ફી સાથે વિદ્યાર્થીએ નિયતપત્રમાં સંબંધિત વિભાગીય વડાને અરજી કરવાની રહેશે.

   વર્ષ દરમ્યાન જેટલા વિદ્યાર્થીઓને ડિપ્લોમા એનાયત કરવામાં આવ્યા હોય તેની નોંધ પરીક્ષા વિભાગ વિદ્યાસભામાં દર વર્ષે ફેબ્રુઆરી/માર્ચ માસમાં રજૂ કરશે.

   પ્રમાણપત્ર (સર્ટિફિકેટ) અને ડિપ્લોમાના પ્રમાણપત્રો પદવીદાન સમારંભ સિવાય એનાયત કરવા માટે બોર્ડ ઑફ મેનેજમેન્ટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-8 NEP 2020ને ધ્યાનમાં રાખીને, યુજીસીએ બહાર પાડેલ માર્ગદર્શિકા CURRICULUM AND CREDIT FRAMEWORK FOR UNDERGRADUATE PROGRAMMES (ડિસેમ્બર 2022)ને આધારે સ્નાતક કક્ષાએ અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવા અંગે.

ઠરાવ-8 NEP 2020ને ધ્યાનમાં રાખીને, યુજીસીએ બહાર પાડેલી માર્ગદર્શિકા CURRICULUM AND CREDIT FRAMEWORK FOR UNDERGRADUATE PROGRAMMES (ડિસેમ્બર 2022)ને આધારે સ્નાતક કક્ષાએ નવેસરથી અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવા ઠરાવવામાં આવ્યું. આ માટે સ્નાતકકક્ષાના સમગ્ર અભ્યાસક્રમને યુજીસીએ ABC માટે બહાર પાડવામાં આવેલા રેગ્યુલેશન્સ તથા ડિસેમ્બર 2022ની ઉપરોક્ત માર્ગદર્શિકામાં જણાવ્યા અનુસાર ક્રેડિટ્સમાં વિભાજિત કરવામાં આવશે. સ્નાતકકક્ષા માટે NEP 2020 દ્વારા સૂચવાયેલી લઘુતમ ક્રેડિટ તથા તેનું વિવરણ નીચે મુજબ રહેશે.

| ક્રમ | અભ્યાસક્રમ | કુલ લઘુતમ ક્રેડિટ્સ | |
|---|---|---|---|
| | | ત્રણ વર્ષ સ્નાતક | ચાર વર્ષ સ્નાતક |
| 1. | મુખ્ય વિષય (મેજર) | 60 | 80 |
| 2. | ગૌણ વિષય (માઇનોર) | 24 | 32 |
| 3. | બહુ વિદ્યાશાખાકીય (મલ્ટી ડિસીપ્લીનરી) | 09 | 09 |
| 4. | ક્ષમતાવૃદ્ધિ અભ્યાસક્રમો (AEC) | 08 | 08 |
| 5. | કૌશલ્યવૃદ્ધિ અભ્યાસક્રમો (SEC) | 09 | 09 |
| 6. | મૂલ્યલક્ષી શિક્ષણ (વેલ્યૂ એડેડ) | 06-08 | 06-08 |
| 7. | ઉનાળુ પ્રત્યક્ષ તાલીમ (સમર ટ્રેનિંગ) | 02-04 | 02-04 |
| 8. | રિસર્ચ પ્રોજેક્ટ/શોધ નિબંધ | - | 12 |
| 9. | ઓનર્સ કાર્યક્રમમાં જોડાતા વિદ્યાર્થીઓ માટે ત્રણ અભ્યાસક્રમ | - | 12 |
| કુલ | | 120 | 160 |

**કાર્ય-9** વિદ્યાર્થીઓ પાસેથી માઇગ્રેશન સર્ટિફિકેટ લેવા અંગે તથા એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવા અંગે.

**ઠરાવ-9** NEP 2020 અંતર્ગત વિદ્યાર્થીને એક કરતા વધુ અભ્યાસક્રમમાં જોડાવાની છૂટ હોવાને કારણે તથા વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકર્ડ ડિજીલોકરમાં અપલોડ કરેલા હોવાના કારણે કેટલીક યુનિવર્સિટીઓએ માઇગ્રેશન સર્ટિફિકેટ આપવાનું બંધ કર્યું છે તેને અનુલક્ષીને શૈક્ષણિકવર્ષ 2021-22 કે ત્યારપછી પ્રવેશ મેળવ્યો હોય તેવા વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ સમયે માઇગ્રેશન સર્ટિફિકેટ ન લેવા ઠરાવવામાં આવ્યું.

હવે આપણે પણ વિદ્યાર્થીઓની ક્રેડિટ્સ ABCમાં અપલોડ કરવાની થશે તેથી જે વિદ્યાર્થીઓની ક્રેડિટ્સ ABCમાં જે તે વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવી હોય અને શૈક્ષણિક પ્રમાણપત્રો અપલોડ કરવામાં આવ્યા હોય તેવા વિદ્યાર્થીઓને માઇગ્રેશન સર્ટિફિકેટ ન આપવું તથા સ્નાતક કક્ષાએ ABC IDને આધારે અનુક્રમે સત્ર-3, 5 અને 7માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ એલિજિબિલિટી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે નહીં તેવું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-10** ડૉ. બાદરભાઈ કુરેશીને સમાજકાર્ય વિષયમાં Ph.D.ના માર્ગદર્શક તરીકે માન્યતા આપવા બાબત.

**ઠરાવ-10** Ph.D. અધિનિયમ અનુસાર તમામ લાયકાતોની પૂર્તતા થતી હોવાથી ડૉ. બાદરભાઈ કુરેશીને સમાજકાર્ય વિષયમાં Ph.D.ના માર્ગદર્શક તરીકે માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-11** પદયાત્રા સત્ર-1, 3 અને 5મા રાખવા બાબત.

**ઠરાવ-11** પદયાત્રા સત્ર-1, 3 અને 5મા રાખવાનું ઠરાવવામાં આવ્યું.

**કાર્ય-12** ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હિંદી વિભાગના એડ્ ઓન ડિપ્લોમા અભ્યાસક્રમની ફી માંથી મુક્તિ આપવા ભાષા અને સાહિત્ય વિદ્યાશાખાના ડીન શ્રી રામ ગોપાલ સિંહના પત્ર બાબત.

**ઠરાવ-12** ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હિંદી વિભાગના એડ્ ઓન ડિપ્લોમા અભ્યાસક્રમની ફી રૂ. 1500 લેવાનું અને 80 ટકા હાજરી સાથે સફળતાપૂર્વક અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને રૂ. 1000 પરત કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-13 **NEP-2020 અનુસાર** નીચે મુજબના અભ્યાસક્રમોના માળખાને મંજૂરી આપવા બાબત.

| ક્રમ | વિષય | અભ્યાસક્રમ | સંકુલ |
|---|---|---|---|
| 1. | હિન્દી | બી.એ. હિન્દી | મ.દે. ગ્રામસેવા સંકુલ, સાદરા |
| 2. | ગુજરાતી | બી.એ. ગુજરાતી | મ.દે. ગ્રામસેવા સંકુલ, સાદરા |
| 3. | અંગ્રેજી | બી.એ. અંગ્રેજી | મ.દે. ગ્રામસેવા સંકુલ, સાદરા |
| 4. | કોમ્પ્યૂટર | BCA | મ.દે., અમદાવાદ |
| 5. | ગ્રંથાલયશાસ્ત્ર | ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન સ્નાતક (B.L.I.Sc.) | મ.દે., અમદાવાદ |
| 6. | ઇતિહાસ | બી.એ. ઇતિહાસ | મ.દે. ગ્રામસેવા સંકુલ, સાદરા |
| 7. | અર્થશાસ્ત્ર | બી.એ. અર્થશાસ્ત્ર | મ.દે. ગ્રામસેવા સંકુલ, રાંધેજા |
| 8. | સમાજશાસ્ત્ર | બી.એ. સમાજશાસ્ત્ર | મ.દે. ગ્રામસેવા સંકુલ, રાંધેજા |
| 9. | ગ્રામઆયોજન અને વિકાસ | બી.આર.એસ. | મ.દે. ગ્રામસેવા સંકુલ, રાંધેજા |
| 10. | માઇક્રોબાયોલોજી | બી.એસસી | સાદરા |
| 11. | ગૃહવિજ્ઞાન | 1. બી.વૉક. (FTP)<br>2. બી.વૉક. (FTAS) | સાદરા |
| 12. | શારીરિક શિક્ષણ | બી.પી.ઈ.એસ. | સાદરા |
| 13. | શિક્ષણશાસ્ત્ર | 1. બી.એ.બી.એડ્.<br>2. બી.એસસી.બી.એડ્. | અમદાવાદ. |

ઠરાવ-13 ઉપરોક્ત અભ્યાસક્રમોના NEP-2020 અનુસારના રજૂ થયેલા માળખાને સૈદ્ધાંતિક મંજૂરી આપવાનું અને જરૂરી સુધારા-વધારા કરીને છેવટનું માળખું દસ દિવસમાં રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

ઉપરાંત B.Voc. અભ્યાસક્રમનું નામાભિધાન બદલી શૈક્ષણિક વર્ષ 2023-24થી B.Sc. Home Science રાખવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-14 નીચે મુજબના અભ્યાસક્રમો તથા અભ્યાસક્રમોમાં સુધારા-વધારાને મંજૂરી આપવા બાબત.

| ક્રમ | વિષય | અભ્યાસક્રમ | સંકુલ |
|---|---|---|---|
| 1. | હિન્દી | એમ.એ. હિન્દી | મ.દે. સમાજસેવા સંકુલ, અમદાવાદ |
| 2. | ગુજરાતી | 1. એમ.એ. ગુજરાતી 13 પ્રશ્નપત્રોમાં આંશિક ફેરફાર<br>**2. CBCS 2 ક્રેડિટના પ્રશ્નપત્રો**<br>1. GE-GUJ-PG-12 ગુજરાતી જોડણી શુદ્ધિકરણ<br>2. GE-GUJ-PG-13 ભાષિક અભિવ્યક્તિ | મ.દે. સમાજસેવા સંકુલ, અમદાવાદ શૈક્ષણિક વર્ષ-2023-24થી ક્રમશઃ અમલી |
| 3. | કોમ્પ્યૂટર | 1. AICTEના Leadership in Teaching Excellence અંતર્ગત Advance Web Development અભ્યાસક્રમ | મ.દે. સમાજસેવા સંકુલ, અમદાવાદ |

ઠરાવ-14 ઉપરોક્ત અભ્યાસક્રમો તથા અભ્યાસક્રમોમાં સુધારા-વધારાને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું તથા ક્રમ-3 કોમ્પ્યૂટરના અભ્યાસક્રમને વિભાગીય અધ્યક્ષ શ્રી અજયભાઈ પરીખની રજૂઆતને ધ્યાને લઈને હાલ સૈદ્ધાંતિક મંજૂરી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-15 શ્રી નિલેશકુમાર દેવજીભાઈ ગામીતને વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ Ph.D. હિન્દી વિષયમાં 13મા સત્રના મુદત વધારાને આપેલી મંજૂરી બાબત.

ઠરાવ-15 શ્રી નિલેશકુમાર દેવજીભાઈ ગામીતને વિદ્યાસભાની બહાલીની અપેક્ષાએ Ph.D. હિન્દી વિષયમાં 13મા સત્રના મુદત વધારાને Ph.D.અધિનિયમ અનુસાર કુલનાયકશ્રીએ આપેલી મંજૂરીને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય-16 Ph.D. અધિનિયમ-2022ને લાગુ કરવા બાબત.

ઠરાવ-16 Ph.D. અધિનિયમ-2022માં નીચે મુજબના સુધારા આમેજ કરીને મંજૂર કરવાનું ઠરાવવામાં આવ્યું.

1. શીર્ષક "Ph.D. વિનિયમો-2022" કરવું.
2. ક્રમ 5.2 (ii) '50 ટકા' શબ્દની જગ્યાએ 'બાકીની બેઠકો' રાખવું.
3. ક્રમ 11.1 અભ્યાસકાર્યની સાથે સાથે વિદ્યાર્થી સંશોધનનું કાર્ય પણ ચાલુ રાખી શકશે.
4. ક્રમ 9.1 (c) માં સાહિત્ય સમાનતા (Plagiarism) મુદ્દો રદ કરવો કેમ કે, ક્રમ 9.1 (d) સંશોધન અને પ્રકાશનનું નીતિશાસ્ત્રમાં આવે છે.
5. જોડણી અને ભાષાકીય ભૂલો સુધારવી.

કાર્ય-17 ઉનાળુ સત્રાંત પરીક્ષાના સમય બાબત.

ઠરાવ-17 શારીરિક શિક્ષણ વિષય સિવાયના તમામ વિષયોની ઉનાળુ સત્રાંત પરીક્ષાનો સમય સવારના 11 વાગ્યાથી રાખવો તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-18 CUET દ્વારા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ બાબત.

ઠરાવ-18 શૈક્ષણિક વર્ષ-2023-24થી CUET દ્વારા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા કરવાનું ઠરાવવામાં આવ્યું.

31/03/2023

(ડૉ. નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ